# વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય

## ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.

**અખબારી યાદી** **તા. ૨૭-૨-૨૦૦૯**

- **કેન્દ્રમાં ભાજપની સરકાર હતી ત્યારે ગુજરાતને સરેરાશ વાર્ષિક રોયલ્ટી માત્ર રૂા. ૬૧૪ કરોડ મળતી હતી.**
- **કોંગ્રેસની સરકાર કેન્દ્રમાં આવ્યા પછી પાંચ વર્ષની સરેરાશ જોઈએ તો ગુજરાતને વાર્ષિક રોયલ્ટી**
  **રૂા. ૧૪૯૦ કરોડ પ્રાપ્ત થઈ છે.**
- **ભાજપના શાસનના છેલ્લા બે વર્ષમાં ગુજરાતને જે રોયલ્ટી મળી હતી તેના કરતાં ત્રણ ગણી વધારે રોયલ્ટી ગુજરાતને કેન્દ્રમાં કોંગ્રેસના શાસનના છેલ્લા બે વર્ષમાં મળી છે.**
- **કેન્દ્ર સરકાર માત્ર ૧૧ રૂપિયે ગેસ ગુજરાતને આપે છે, પરંતુ ભાજપની સરકાર વાહનો અને ઉધોગો પાસેથી ગેસના બદલામાં લૂંટ ચલાવે છે.**
- **પ્રવર્તમાન ઈન્ટરનેશનલ સીનેરીઓને ધ્યાને લેતાં પ્રિ-ડિસ્કાઉન્ટેડ કે પોસ્ટ-ડિસ્કાઉન્ટેડ કિંમતની કોઈ અસર ગુજરાતને રહેવાની નથી.**
- **કેન્દ્ર સરકારનો આભાર માનવાને બદલે તદ્દન ખોટી વાતો કરી રાજ્યની સરકાર રાજકીય રોટલો શેકવા નીકળી છે.**

વિરોધપક્ષના નેતાશ્રી શક્તિસિંહ ગોહિલે રાજ્ય સરકારના નિયમ-૧૨૦ નીચેના સરકારી સંકલ્પ ઉપર પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે, કેન્દ્રમાં જયારે ભાજપની આગેવાની નીચેની એનડીએ સરકાર હતી ત્યારે આ કાર્યકાળના સન ૧૯૯૯-૨૦૦૦થી સન ૨૦૦૩-૦૪ સુધીના પાંચ વર્ષના સમયગાળામાં ગુજરાતને રોયલ્ટીની રકમ પાંચ વર્ષની સરેરાશમાં દર વર્ષે માત્ર રૂા. ૬૧૪ કરોડ મળતી હતી. જયારે કેન્દ્રમાં યુપીએની સરકાર સત્તાસ્થાને આવ્યાના પાંચ વર્ષના કાર્યકાળ એટલે કે સન ૨૦૦૪-૦૫થી સન ૨૦૦૮-૦૯ સુધી પાંચ વર્ષના સમયગાળાની સરેરાશ જોઈએ તો દર વર્ષે ગુજરાતને સરેરાશ રોયલ્ટીની રકમ રૂા. ૧,૪૯૦ કરોડ જેટલી મળી છે. ગુજરાતને ભાજપના શાસન દરમ્યાન સન ૨૦૦૦-૦૧માં માત્ર રૂા. ૫૮૯.૮૨ કરોડ રોયલ્ટી પેટે મળ્યા હતાં, જયારે સન ૨૦૦૧-૦૨માં માત્ર રૂા. ૫૦૮.૧૫ કરોડ રોયલ્ટી પેટે મળ્યા હતાં. તેની સામે કોંગ્રેસની આગેવાની નીચેની યુપીએ સરકારે કેન્દ્રમાં સત્તાસ્થાને આવ્યા પછી સને ૨૦૦૬-૦૭માં રૂા. ૧,૮૮૧ કરોડ અને સને ૨૦૦૭-૦૮માં રૂા. ૧,૭૧૯ કરોડ રોયલ્ટી પેટે ગુજરાતને આપ્યા છે. જે બતાવે છે કે, રોયલ્ટી પેટે ગુજરાતને ભાજપના શાસનમાં જે રૂપિયા મળતાં હતાં તેના કરતાં ત્રણ ગણાં રૂપિયા કોંગ્રેસની આગેવાની નીચેની સરકાર કેન્દ્રમાં આવ્યા પછી પ્રાપ્ત થયા છે.

ઓઈલ ફિલ્ડઝ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ એકટની કલમ-૬(એ) તથા સને ૧૯૫૯ અને સને ૨૦૦૩ના બનેલાં સરકારી નિયમોના આધારે તેલની રોયલ્ટી રાજયોને અપાય છે. કેન્દ્ર સરકારના સકારાત્મક વલણના કારણે ગુજરાતના કાયદાના આધાર પર વેલદેટ કિંમતના ૨૦% તથા દરિયાઈથી મળેલાં તેલ ઉપર ૧૦% રોયલ્ટી મળે છે. વાસ્તવિકતા એ છે કે, ગુજરાતને કાયદાથી પ્રાજ્ઞ થતી રોયલ્ટીની રકમ કરતાં વધારે રકમ કેન્દ્રમાં કોંગ્રેસનું શાસન આવ્યા પછી મળેલી છે.

સમગ્ર વિશ્વમાં કાચા ક્રુડની કિંમત કૂદકે ને ભૂસકે વધતી હતી અને ત્યારે કેન્દ્ર સરકારે દેશવાસીઓ ઉપર ખોટો બોજો ન પડે તેટલા માટે સબસીડીની રકમો મારફત તથા ઓઈલ કંપનીઓને ખોટ સહન કરવાનું કહીને પણ પેટ્રોલ અને ડિઝલના ભાવ નિયંત્રિત રાખવાનો પ્રયત્ન કર્યો હતો. કરોડો રૂપિયાની ખોટ દેશવાસીઓના હિતમાં ઉઠાવ્યા પછી રોયલ્ટી માટે પ્રિ-ડિસ્કાઉન્ટેડ પ્રાઈઝના આધાર પર ગુજરાતને રોયલ્ટી કેન્દ્ર સરકારે ચૂકવી છે અને તે હવે જે રીતે આંતરરાષ્ટ્રીય બજારભાવ જોતાં અને ભૂતકાળમાં ભાજપની સરકારના સમયમાં ગુજરાતને પ્રાપ્ત થયેલી રોયલ્ટીના આંકડાઓ જોતાં સ્પષ્ટ થાય છે કે, ગુજરાતને રોયલ્ટીમાં કોંગ્રેસની સરકારે અનેકગણો મોટો ફાયદો આપેલો છે. આ બાબતને આવકારવાને બદલે રાજ્ય સરકાર દ્વારા પોસ્ટ-ડિસ્કાઉન્ટેડ પ્રાઈઝના આધારે રોયલ્ટી ચૂકવણીના આદેશો પરત ખેંચવા જોઈએ તેવી વાત કરે છે, તે સરકાર માટે શોભાસ્પદ નથી. દેશના અન્ય રાજ્યોએ પણ પોસ્ટ-ડિસ્કાઉન્ટેડ પ્રાઈઝના આધાર પર રોયલ્ટી પ્રાપ્ત કરે છે અને કાયદાની જોગવાઈ મુજબ પણ તેમાં કશું ખોટું નથી. રાજ્ય સરકાર પણ એ વાત સ્પષ્ટ રીતે જાણે છે કે, પ્રવર્તમાન પરિસ્થિતિ એ પ્રકારની છે કે એમાં પ્રિ-ડિસ્કાઉન્ટેડ પ્રાઈઝ કે પોસ્ટ-ડિસ્કાઉન્ટેડ પ્રાઈઝના આધાર પર ગુજરાતને રોયલ્ટીની બાબતમાં કોઈ ફેર પડવાનો નથી. ભૂતકાળમાં અત્યંત વિકટ પરિસ્થિતિના સમયે અપાયેલી સબસીડીના અને ગુજરાતના આંકડાઓને રોયલ્ટીની માંગણી માટે ગણતરીમાં લઈને ગુજરાતને અન્યાય થયો છે તે પ્રકારનો રાજ્ય સરકારનો સંકલ્પ તદ્દન બાલિશ છે અને માત્ર લોકસભાની ચૂંટણીના સમયે લોકોને ગેરમાર્ગે દોરવા માટેનો સરકારનો પ્રયત્ન છે.

પ્રવર્તમાન આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ પર નજર કરીએ તો, ભારતના કાચા ક્રુડની કિંમત પ્રતિ બેરલ ૪૦ થી ૫૦ ડોલર રહેવાની છે, અને તે સંજોગોમાં, પ્રિ-ડિસ્કાઉન્ટેડ પ્રાઈઝ કે પોસ્ટ-ડિસ્કાઉન્ટેડ પ્રાઈઝ વચ્ચેની કોઈ ભેદરેખા લાંબી રહેવાની નથી અને માટે ૨૦૦૮-૦૯ કે ૨૦૦૯-૧૦માં ગુજરાતને પ્રાપ્ત થતી રોયલ્ટીમાં કોઈ નુકસાન થવાની વાત રહેતી નથી.

ગુજરાતને કેન્દ્ર સરકાર મારફત જે ગેસ આપવામાં આવે છે તે માત્ર રૂા. ૧૧ના ભાવથી આપવામાં આવે છે. પરંતુ ગુજરાતની ભાજપ સરકાર ગુજરાતીઓને ઉદ્યોગ કે વાહનો માટે આપવાનો થતો ગેસ સસ્તો આપતી નથી. ગુજરાતના ઉદ્યોગોને રૂા. ૧૧માં મેળવેલ ગેસ ગુજરાત સરકાર રૂા. ૨૩માં આપતી હતી. હાલ ભાવો ઘટ્યા પછી પણ ગુજરાત સરકાર રૂા. ૧૫.૯૦માં ઉદ્યોગોને ગેસ આપે છે. જ્યારે વાહનવ્યવહાર માટે અપાતા ગેસની કિંમતમાં ગુજરાત સરકારે કોઈ ઘટાડો નહીં કરીને ગુજરાતની જનતાનું શોષણ કરવાનું ચાલુ રાખ્યું છે.

ભારત સરકારનો ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશનને ગેસ આપવાનો કરાર તા. ૧ એપ્રિલ, ૨૦૦૮ના રોજ પૂરો થઈ ગયેલ છે. આમ છતાં, ગુજરાતના નાના ઉદ્યોગોને મદદરૂપ થવા માટે ભારત સરકારે જી.એસ.પી.સી.ને કોન્ટ્રાક્ટ પૂરો થઈ ગયા પછી પણ ગેસ આપવાનું ચાલુ રખાયું છે. જે બદલ રાજ્ય સરકારે ખરા અર્થમાં જો ખાનદાની હોય તો કેન્દ્ર સરકારનો આભાર માનવો જોઈએ.

પન્ના-મુક્તિ-તાપ્તી (પી.એમ.ટી.)માંથી ગેસ આપવાના કેન્દ્ર સરકારના ઉદાર વલણને જોઈએ તો ગુજરાતને ભૂતકાળમાં ક્યારેય ન મળ્યો હોય તેટલો ગેસ ફાળવવામાં આવ્યો છે, અને આ ગેસની A.P.M. કિંમત Rs. 3200/- per S.C.M. જેટલી માત્ર લેવામાં આવે છે. જ્યારે P.S.C.ની કિંમત અમેરિકન ડોલર 5.57 per M.M.B.T.U. લેવામાં આવે છે. જે દૃષ્ટિથી જોઈએ તો ગુજરાતને ખૂબ જ સસ્તો ગેસ કેન્દ્ર સરકાર આપે છે. પરંતુ ગુજરાતની સરકાર ગુજરાતીઓને આ ગેસ આપી મોટી કિંમત વસુલ કરે છે અને તેનું શોષણ કરી રહી છે.

---

પ્રતિ,

તંત્રીશ્રી,

સદરહુ પ્રેસનોટ આપના અખબારમાં પ્રસિદ્ધ કરવા માન. વિરોધપક્ષના નેતાશ્રીએ વિનંતી કરેલ છે.

**(જે. જે. રસાણીઆ)**
અંગત મદદનીશ